મીઠું=લૂણ; નીમક, સરબસ.
બેસ્વાદ=સ્વાદ વગરની.
ચપટી=અંગુઠાને આંગળી વચ્ચે રહે એટલી.
આરોગ્ય=સુખી;તંદુરસ્ત
આરીઆં=ચીભડાના કકડાને મીઠાના પાણીમાં બોળી સુકવી બનાવેલા તે.
જીવ=જીવત; જીવડાં.
અગર=મીઠું પાકે તે જગા.

જુઆળ=પાણીનું ચઢવું; ભરતી.
તરી આવે છે=ઉપર આવે છે.
સિંધવ=મીઠાની એક જાત.

જથાબંધ=ઘણુંજ.
દેશાવર=પરદેશ.
મોળી=ફીકી.
સાંભરી લઇ=ઉસરડી લઇ; એકઠી કરી.

સાર.

માણસને પહેલે નંબરે હવાની, બીજે નંબરે પાણીની, ત્રીજે નંબરે ખોરાકની. અને ચોથે નંબરે મીઠાની જરૂરછે મીઠું સ્વાદમાં ખારૂંછે છતાં મીઠું કહેવાનું કારણ એકે તેખોરાકને સ્વાદવાળો બનાવે છે.

પાઠ ૫૧ મો.

ઘાટ=આકાર.
તદન=બીલકુલ.
મૂળરંગ=પ્રથમનો રંગ.
આંચ=ઝાળ.
ધરી=પકડી.
ગજરો=ફૂલનોમાથામાં ઘાલવાનો તોરો.
ઉડાડવા=બદલવા.
ગંધક=પીળા રંગની ઝટ ભાગી જાય એવી વસ્તુ.
મતલબ=ઇચ્છા; હેતુ
ખાસ=ખસુસ; જરૂર
બરડ=ઝટ ભાગે એવી.
પ્યાલું=જામ; પવાલું.

ચુરેચુરા=ભુકેભુકા.
ભડકો=બળતું.
વિસ્મય=આશ્ચર્ય;નવાઇ
ઝાળ=આંચ.
ઝાંખું=ફીકું; તેજ વગરનું; ભોટું.

સાર.

ગંધકમાં રંગ ઉડાડવાનો ખાસ ગુણ છે.

પાઠ ૫૨ મો.

ફટકડી=એક જાતની તુરા સ્વાદની વસ્તુ.
પાસા=બાજુ.
હાર=કાંઠો.
લાયક=જોગ.
પહેલદાર=પહેલવાળી; પાસાવાળી.
રોજરોજ=નિત્ય;હંમેશ
શોખ=મરજી; ઇચ્છા.
વર્ગ=કલાસ.
કોરો=કેરણો.
ખરબચડી=ખાડા ખ-ઓચીઆં વાળી.
કિંમતી=મૂલ્યવાન.
ઝુમ્મર=કાચનું કે ધાતુનું ઝાડ.
અફાળી=પટકી;પછાડી
અકીક=રંગીનચળકત પત્થરની એક જાત.
ખડક=પત્થરનો જથો
ઝવેરાત=હીરા માણેક વગેરે રત્ન.
લોલક=લટકણું.

પાઠ ૫૩ મો.

કોદાળી=જમીન ખોદવાનું ઓજાર
સમી=દુરસ્ત.
ભઠ્ઠી=ધાતુ પીગળવાનો ચુલો
પાનું=ફળ.
એરણ=લુહાર સોની વગેરે જેનાપર મૂકી ટીપે છે તે ઓજાર.
ટીપીને=ઘડીને.
સીધું=પાસરૂં.
નળીઓ=ભુંગળીઓ.
કઠેરા=લોખંડ કે લાકડાની પાળ.
ખીંટીઓ=ખુંટીઓ.
પોલાદ=ખરૂં લોઢું.
ચપ્પુ=ધારદાર છરી.
ઘડતર=ઘડીને બનાવેલું
રવેસ=માળનો ઝુલતો ભાગ; ગોખ.
ઘા કર=ટીપ.
કરવત=લાકડા વહેરવાનું હથિયાર.
સ્ક્રૂ=પેચવાળો ખીલો; ફેર.
કાનસ=રેતરડી.
નક્કર=સંગીન.
પાધરૂં=પરભાયું; બહારો બહાર.

પાઠ ૫૪ મો.

ઇંદ્રિય=શરીરના જે ભાગ વડે કામ અથવા ભાન થાય છે તે (જેમકે, આંખ, કાન, નાક, જીભ, ચામડી, હાથ, પગ, મોં, ગુદા, ઉપસ્થ.)
મુખ્ય=મોટા.
કેળ=કેળાંનું ઝાડ.
સોપારીનાં ઝાડ=સોપારણ.

ચોટી=વળગી; બાઝી
ખોરાક=ખાવાનું.
શોષી=ચૂશી.
એકાદું=એક.
ઉત્પન્ન=પેદા.
અંગ=ભાગ, અવયવ.
અગત્યનું=જરૂરનું.
છિદ્રો=કાણાં.
છિદ્રાવાટે=કાણાં વડે.
વાટે=રસ્તે; વડે.
ખ્યાલ=અટકળ; ધારણા
બારીક=સૂક્ષ્મ; ઝીણાં.
આધાર=ટેકો.

સાર.

ઝાડનાં મુખ્ય છ અંગ છે મૂળ, થડ, પાંદડાં ફૂલ, ફળ. બી, પહેલા ત્રણ ઝાડને જીવાડનારાં અંગો છે.

પાઠ ૫૫ મો.

ડાઘા=ડપકા, છેકા.
ચીકણું=ચિકાશવાળું
તાડી=ખાટો નીરો; ખજૂરી કે તાડનો રસ.
ડહોવી=વલોવી.
સીસાપેન=પેનસીલ.
ઘટ=ઘાડું.
છેદ=કાણું, હેદ.

ગુંદર=ઝાડનો ચીકણો રસ
ઝરપે છે=ધીરેધીરે વહે છે.
આરપાર=આ બાજુથી પેલી બાજુ.
ઘડીઆં=લાંબી ડોકના માટીના ઘાડવા.
નીરો=ખજુરી વગેરેનો તરતનો ઝરેલો રસ.
થોર=થુવેરીએ; કાંટાનું ઝાડ.
ખરસાણી=થુવેરની એક જાત.
આંકડો=એક જાતનું ઝાડ (એના ફૂલ હનુમાનને ચઢે છે.)
ઉપવાસ=ભૂખ્યા રહેવું તે
સામુચોખા=વાંસીઆ ચોખા.
છાલ=છોડ; ચામડી.
રેસા=તંતુ; તાર.
ગળણી=ગાળવાનું ઝીણાં કાણાંવાળું વાસણ.
હલકા=જલદી પચેએવે.

પાઠ ૫૬ મો.

સુખળાં=ડુંડા કે ઠંઠીની બાજુએ સોયા જેવું હોય છે તે.

મુલક=દેશ.
ખરછટ=કઠણ ને ખરબચડું લાગે એવું.
બાફે=ગરમ પાણીમાં પકવે.
હવાલો=તારની ચાળણી
ચાળણ=ચાળતા બાકી રહેલો ભાગ, થુલું.
આથો=ચડીને ખાટું થએલું, ખીરૂં.

લોપરી=પટ્ટી
શુમારે=આસરે.

ડુંડી=નાનું ડુંડું.
ઉંબી=ઘઉંની કંડી.
પોટીસ=ગુમડાં વગેરે દરદ પકવવા માટે ઘઉં અળશી વગેરેના લોટની બાફીને લુગદી કરવામાં આવે છે તે.

ખાંચ=ખોભણુ.

ડાંગર=ભાત.
દાઉદખાની=પીળા પોચા ઘઉં.
ડુમસો=દુકો પણ ભરાઉ
વાજીયા=ઝીણા કાળાશ પડતા ઘઉં.

પોટો=ધોળો ઠુમસો વઉ
ફાડ=ભાગ.
પુષ્ટિકારક=જોર આ-
પનાર, તાકાતવાન.
શુલું=ભુસું, ચાળણુ.
ચાળણી=ચાળવ નું વે-
હવાળું તાંબા પિત્ત-
ળનું વાસણ.

ઝાટકોએ=ઉપણીએ.
રવો=ઝીણોદાણોદારલોટ
ખડાશ=ખાટાપણું.

વાની=ચીજ; વસ્તુ
લોહી=ખેળ.
જખમ=ઘા.

સાર.

અનાજની પરીક્ષા તથા તેનો ઉપયોગ સમજાય છે.

પાઠ ૫૭ મો.

બગીચો=બાગ.
દાંડી=વચલી નસ.
સાંકડું=નાનું.
ગંજીફો=રમવાના પાનાં
માફક=પેઠે.

કમળ=તળાવમાં થતું
એક જાતનું ફૂલ.
જથાબંધ=સામટું.
દાંતા=અણીવાળી કોર.
ગુલમોર=એક જાતનું
ફૂલનું ઝાડ.

કળી=વગર ખીલેલું ફૂલ
ઓછું વતું=થોડું ઘણું.
ચૂંટી=તોડી.

થોકડે=જથો; જુડો.
અળવી=અળુનાં પાંતરા
કુંવાર=કુંવારનો છોડ.
અગથીઓ=અગીથીઆ-
નું ઝાડ.

પાઠ ૫૮ મો.

પતંગીઉં=એક જાતનો
સુંદર પાંખવાળો કીડો
(એ જાત દીવામાં
પડે છે.)

જીવજંતુ=નાના જીવડાં.
પારખું=જાણું.
ખૂબસુરત=દેખાવડી,

બીલકુલ=સમૂળગી.
વેતરી=વેઠ કરનારી.
બદલવી=ફેરફાર કરવી.

છયળ=પેટે ચાલનાર
કીડા.
પુડા=મધમાખીનું ઘર.
અવતાર=એકરૂપબદલી.
બીજા રૂપમાં આવવું તે
હુમલો=હલ્લો.
વંદા=વાંદા.
ભટકયા=રખડયા.
વર્ગ=પ્રકાર, જાત.
જઠર=ખાધેલું પચાવ-
વાની કોથળી.
માદા=પશુ પક્ષીમાં સ્ત્રી
જાત હોય તે.
પાંખ=પર.
અવસ્થા=દશા; હાલત.
સ્થિતિ=હાલત.
પોષણ=ગુજરાન.
કોશેટો=લાંબી ગોળદડી
નિરાંતવાળી=નચિંતથઇ;
બેફીકરી બની.
કુટુંબ=વંશ; ઓલાદ.

પાઠ ૫૯ મો.

ધોળાયા કરતો=વારં-
વાર આવતો.
સમડી=કાગડાના આ-
કારનું મોટું પ્રાણી.
ચીરે=ફાડે.

ફરાંઠી=સુકાયલા છોડની
ડાંખળી, રાડાં
ગરદન=ડોક.
ખાઉધરાં=ભૂખાળવાં;
અકરાંતીઆ.
કોહેલું=બગડેલું, સડેલું
નહોર=તીણા નખ.
ભાગોળ=શહેર કે ગા-
મમાં પેસવાનો દ-
રવાજો.
ભાથું=મુસાફરીનું
ખાવાનું.
તીઃ=કામઠું.
ધસારાબંધ=ઝડપથી
નજર=તીધા.
સરી=લપશી.
અંધારા=ચકકર;ફેર,તંમર
ગીધ=ફાડી ખાનારૂં
મોટું પક્ષી.
ઢોળાવ=ઢલાણ.
ગળે છે= ઉતારી દે છે
ફમકમાટ=ફંટાળો.

સાર.

ઇશ્વરે જે પ્રાણીઓ બનાવ્યાંછે તે આપણા સુખને માટેજ બનાવ્યાં છે, માટે ઇશ્વરનો પાડમાનવો.

પાઠ ૬૦ મો.

દોડાદોડ=નાસાનાસ.
કુમળી=નરમાશવાળી.
પાઠે=બરડે;વાસે.
કાબરચીતરી=ઘણાંકાળી
ને થોડી ધોળી એવી
ગુચ્છાવાળી=ઝુમખા
જેવા વાળવાળી.
છોડા=છોતરાં.
કાતરી=કાપી.
કલ્લા=પુળા.
ઠેકડા=કૂદકા
ભપકાદાર=શોભીતો:
સુંદર=ખૂબસુરત.
બદન=શરીર,અંગ.
રમુજ=આનંદ.
વલવલાટ=ઠરીને નહિ
બેસવું તે; વલોપાત
ગર=માવો; ગર.
કુંપળ=કુણગો; અંકુર
રાક્ષી=બંનેબાજુપર
અકેકો અણીદાર દાંત
હોય છે તે.
રૂવાંટી=ઝીણા વાળ.
ચપળ=ચાલાક.
અવાજ=સાદ
ઘાતકી=ખૂની.
દુશ્મન=શત્રુ.
બચાવ=રક્ષણ.
ચકોર=ચપળ.
પોલાણ=પોકળ ભાગ
ઝુમખો=જથો.
છત=છાજ.

બીકણ=બીએ એવું.
નજરે પડતું=દેખાતું.
ખાસ કરીને=ઘણું
કરીને; મુખ્યત્વે.

દૂરનું દૂર=આઘે
તેજ=જલદ.
કૌવતવાળા=મજબુત;
જોરાવર.

ઉપરાઉપરી=એક પ-
છી એક.
ફાળ=ફૂદકો; છલંગ.
ઘટ=જાડી.
રતુમડા=રતાશ પડતો
રહેઠાણ=વાસ, રહેવાનું
ઠેકાણું; મુકામ.

સમીસાંજ=દીવાબત્તીનો
વખત.

પાઠ ૬૧ મો.

આજુબાજુ=આસપાસ
હઠે=દૂર જાય; ખસે.

કદી=કદાપિ; કોઈવિખત
દાંત=ચાવવાનાં હાડકાં
પંજા=પાંચ આંગળાં
ને હાથેલી જેટલો
કાંડા લગીનો ભાગ.

માન=આબરૂ; મોટાઈ
પુછડી હલાવતો=ખુશ
થતો.
ફ્ણીવળ્યા=વીંટળાયા
શરત=હોડ.
ખંખેરી=ઝાટકી.
લટકતી=લબડતી.
લાળ=ચીકણું થુંક
ગબડું=દોડ, દોડું.
ભરોસાદાર=વિશ્વાસુ.
મમતાળુ=માયાળુ.
તાબેદાર=તાબે રહેનાર;

પતકરતી=લેખતી.
ભાવ=પ્યાર; હેત.

પાઠ ૬૨ મો.

સગાં=કુટુંબી.
નળો=ઘુંટણથીપાટલી
સુધીનો પગનો ભાગ
ચહેરો=ઘાટ; મોંનો
સક્કો.

બળવાન=જોરાવર
પક્કું=પહોંચેલું; પેક.
ભમે=ભટકે; રવડે.
ધર્મશાળા=મુસાફરોને
વગર ભાડે ઉતરવાની
જગા.
સવાલ=પ્રશ્ન.
ટટાર=સીધા.
અણીપડતાં=અણીવાળાં
દેખાવ=શોભા; ભરાવ.
બરછટ=કરકરા.
બગાસું ખાય છે=આ
ળસ દૂર કરે છે.
ડાચું=જડબું.
વિકરાળ=બિહામણું;
ડરામણું.
છાતીવાળું=હિંમતવાન
હુમલો=ધસારો.
ટોળું=જથો.
ટુકડી=ટોળી.
બદામીઉં=બદામના
રંગ જેવું.
ભુરાશ પડતી=ભુરાશ
પર.
પાદર=ગામના ઝાંપા
બહારની જગા.
કિકિયારી=ચીસ.
ખંધુ=ખળ; લુચ્ચું.
ભારો=ગુચ્છો; ઝુડો.

ખોળ=શોધ; તપાસ.
દરાખજેવાં=ગળ્યાં, મીઠાં
વાઢ=શેરડીનું ખેતર
સતાવવું=દુઃખદેવું;
પજવવું.

પાઠ ૬૩ મો.

નુકસાન=બગાડ.
કીકી=આંખના ડોળા-
ની વચ્ચેનો ગોળ
કાળો ભાગ
ચીરૂં=ફાડું
ઘૂરકવા=ડોળા કાઢવા
પડખે=બાજુએ.
ગમત=રમત.
ખાતર=માટે; વાસ્તે
પજવોછો=હેરાનકરોછો.
કોઠી=નાનો કોઠાર.
સહેલાઈથી=સુગમતાથી
ઝાંખા=થોડા.
શોભા=દેખાવ.
જ્ઞાન=સમજ
ઘોર=ઘણું બિહામણું
ખબર=જાણ
ઘંટડી=નાનો ઘંટ,
મ્યાન=તરવારનું ઘર
કરકરી=ખડબચડી.
છોલીને=છોતરાં કાઢીને

ઉપયોગીપણું=જરૂરઆત.
ગુણ=પંડ.
કાસળ કાઢવું=જડ મૂળથી નાશ કરવો.
મહેરબાની=દયા.

પાઠ ૬૪ મો.

વાઘણ=વાઘની માદા.
ચળકે=ઝળકે.
બ્હો=બીક.
ચાખેલ=સ્વાદીઓ
દીપડો=વાઘના જાતનું પ્રાણી.
સિંહણ=સિંહની માદા.
અજાયબ=નવાઇ.
ધ્યાન=ચિત્ત.
અગ્નિ=આતશ;દેવતા.
યાળ=કેશવાળી; ઘોડા કે સિંહની ડોકપરના વાળ.
દેલણ=દડસેલીશકાયતેવા
હેરાન=દુઃખી.
ઘુઘવાતો=ઘુ ઘુ અવાજ કરતો.
ગર્જના=સિંહનું બરાડવુંતે
ધ્રુજતાં=કાંપતાં.
ભયંકર=બિહામણા
ગોસ=માંસ.
ઠેકાણું=નિયમ.
વસ્તી=વાસો; રહેઠાણ.
ચાઠાં=ડાઘા.
આંતરે=ઘેરે;કબજે કરે.

પાઠ ૬૫ મો.

ગોકળ ગાય=પરમેશ્વરની ગાય.
ચરબી=શરીરમાંથી નીકળતો ચીકણોપદાર્થ
અગત્યના=કામના.
કરોડ=વાંસાની વચમાંનું ગાંઠા ગાંઠાવાળું ઉભું હાડકું.
હાડકાં=હાડ.
ઉપરાંત=વધારે.
દવાશાળા=હાસ્પિતાલ; દવાખાનું.
હાડપિંજર=હાડકાનું ખોખું.
દિવાલ=ભીંત; કરો
ટાંગ્યું=લટકાવ્યું.
બિહામણું=ડરામણું.
ગરદન=બોચી.
પાંસળી=પાસા પરની હાડકી.
બેડોળ=કદરૂપું.
ભરાઉ=ભરેલું.
બેશક=નક્કી; ખચીત.
કદરૂપુ=બેડોળ.
કૌવત=જોર, બળ.
અવયવો=ભાગો.
ખોપરી=મગજનોહાડબડો
મગજ=ખોપરી માંહેનો નરમ ભાગ.
ફેફસાં=દમ ભરવાની કોથળી.
હૃદય=લોહીની ટાંકી.
થાપો=કુલાની પાસેનો જાંગનો ભાગ.
ફુફ્ફુ=દમ ભરવાની કોથળી.
સંરક્ષણ=સારીસંભાળ; સાચવવું તે.
રેસા=તંતુ તાર,તાંતણા
સંકડાય=સંકોચાય.
ગોટલો બાઝે છે=એક ઠેકાણે એકઠો થાયછે.
સ. (૧)માંસપેશી શેની બનેલી છે?
સ. (૨) હાડકાંની જરૂર શા માટે છે?
સ. (૩) લોહીમાં કયો ગુણ છે કે જેથી તે

લાંબા ટુંકા થઇ શકે છે ?

સ. (૪) શરીરમાં કેટલાં હાડકાં છે ?

પાઠ ૬૬ મો.

ત્વચા=ચામડી.
સુંવાળું=લીસું.
ઉપસી=ઉંચી આવી
દરદ=દુઃખ.
નિશાની=એંધાણી.
અડકે=છેડે.
ખમાતું=સહન થતું.
ખોળીયું=ઉપલું પડ.

હેઠલું=નીચેનું.
રેખા=કાપા; લીટી.
નરમ=હુંફાળા.
ગેંડા=ગેંડીનો નર.
કુદરતી=માણસનું કરેલું નહિ તે; ઇશ્વરે બનાવેલું તે.

ઢાંકણુ=કવર; પડ.
રક્ષણ=સંભાળ;બચાવ.
ઢીમું=ઢીમણું.
ગોડ=રસવિકારની ગાંઠ.
પડ=પોપડો.

ખરી પડે છે=જતી રહેછે; નીકળી જાયછે.
રૂઝાતાજાય=રૂઝ આવતી જાય.
લઈ=જબરી.
આળુ=જરા અડકયાથી પણ દુખાય તેવું

ભોંકે=ઘોંચે; ઘાલે.
ખાલ=ચામડી, ત્વચા.
ઓસીકું=નાનો તકીઓ
દાખલો=ઉદાહરણ.
રચના=બનાવટ,ગોઠવણ
ગલેફ=ઓશીકા કે ગોદડાને ચડાવેલું પડ.
સૂક્ષ્મદર્શક=નાની ચીજને મોટી દેખાડનાર.
અસંખ્ય=અગણિત; ઘણાજ.

સ. ૧) શરીરનું ઢાંકણ કયું ? સ ૨) ચામડીનો ઉપયોગ કહો. સ. ૩) ચામડીમાં કેટલા પડ છે ? સ. ૪) એ પડનો ઉપયોગ સમજાવો. સ. ૫) કઇ જગાની ચામડી જાડી હોય છે? સ. ૬) એક દાખલો આપી ચામડીની રચના સમજાવો. સ. ૭, જેના શરીર પર વાળ વધારે હોય તેની ચામડી કેવી હોય છે ?

પાઠ ૬૭ મો.

ટકોરો=આંગળી વાળી નખથી ઠોકવું તે.
ટકે છે=નભે છે;ચાલેછે.
પહેર્યા=ધાર્યા.
બીક=ડર; ભા.
કોથળી=થેલી.
ઠરાયું=ઉભું રહેવાયું.
ટાંગી=લટકાવી.
રાંપી=ચામડું સાફ કરવાનું મોચીનું એક ઓજાર.

કુમળું=નરમ.
સુરત=તાપી નદીને ડાબે કાંઠે શહેર છે તે.
તળાઉં=નીચેનો ભાગ.
ખાસું=મજાનું, સારૂં.
તરડે=તરડ પડે;ચીરાડા પડે, ફાટે.
કમાવેલું=પકવેલું

ચમારવાડો=જ્યાં ચમાર લોકો રહેતા હોય તે જગા.
વાસમારતી=ગંધાતી.
જીન=ઘોડાની પીઠપર નાખવાની ગાદી.
મસક=પાણી ભરવાનો ચામડાનો કોથળો.

સ ૧) ચામડામાં કયો ગુણ છે કે જેથી પાણી અંદરથી બહાર નીકળી શકતું નથી ? સ ૨) જોડા પહેરવાથી શો લાભ ? સ. ૩) ચામડાને કેળવવાની રીત કહો. સ ૪ ચામડાની કઇ કઈ ચીજો થાય છે ?

પાઠ ૬૮ મો.

ઉન=ઘેટાના વાળ.
વાંકડીયાં=ગુંચળીવાળાં
ટકાઉ=મજબુત.
કપડાં=લુગડાં.
સાચવી=સંભાળી.
ટુઆ=ઝીણાં જીવડાં.
ગળપટા=ગળેબંધ.
હૂંફ=ગરમાવો.
મળતાં=સરખાં.
ઢોરઢાંકર=બળદ ઘોડા વગેરે

ઓઢો=બળદને ઓઢાડવા માટે શીવેલું કપડું.
ગરમાવો=હુંફ;ગરમી
ઉતર્યા=પૂરા થયા,ગયા.
ગાંસડી=પોટલી
કાંતવું=ઝાંઆદોરાકાઢવા
ઉઠવેઠ=કટાકુટ,માથાકુટ
મજુરી=મહેનત.

ભરાઉ=પાસેપાસે.
વારકુટ=જેકીટ; કંમર સુધીનો વગર બાંયનો કબજો.

ઝબ્બો=પગની પાની સુધીનો ડગલો; જામો
કબજો=બાંય વગરનું બદન
બસ=બહુ.

સ. ૧) ઘેટાંને ટાઢ કેમ વાતી નથી? સ ૨) ભરવાડ ક્યારે ઊન કાતરી લેછે? સ. ૩) ઊનનો ઉપયોગ કહો. સ. ૪) ઊનના કપડાથી ટાઢ કેમ વાતી નથી? જ. ૪) શરીરમાંથી ગરમી નીકળી જવા પામતી નથી તેથી.

પાઠ ૬૯ મો.

આંગણું=બારણા આગળની જગો.
તળીઉં=નીચેનો ભાગ
ભેજ=શરદી
સાગ=લાકડાનીએકજાત
વાડો=ઘરની પાછળની ખુલ્લી જમીન.

કયારો=ચોરસ ખાડો
રંગબેરંગી=જુદા જુદા રંગના
ચોઘડીએ=વખતે
ઉભરણી=ભોંય તળીઆથી ઉંચાઇ.

ખાસ=જાણી જોઇને
કુંભી=ઘરનાં ઉભાં આડાં લાકડાં બેસાડવા માટેના બેસણી

છોલાણું=છોદેવડાવવી તે
પરસાળ=ઘરમાં પેસતાં

પહેલો ખંડ આવે છે તે.
ઓસરી=ઓટલી.
દેરાસર=દેવને રાખવાનું ઠેકાણું.
પૂજા=સેવા.
રસોડું=રાંધણી; રાંધવાનો ઓરડો.
સરડાવવું=છાપરા ઉપર કામડા બંધાવવાં
પાણીઆરૂં=પાણીના બેડાં તથા ગોળી મૂકવાની જગો.
કોઠાર=અનાજ ભરી મુકવા માટે લાકડાનો બનાવેલો તે.
ધુમાડીઉં=ધુમાડો નીકળવાનો રસ્તો..
ઘેરાઇ=ભરાઇ;ગોંધાઈ
વૈદનાંપગલાં થતાં નથી =રોગ આવતો નથી.
જાજરૂ=સંડાસ.
છીંડી=ઘરની પછાડીનો નેવાં પડવાનો ભાગ.
સીડી=નીસરણી.
દિવાનખાનું=બેસવા ઉઠવાનો મુખ્ય ઓરડો
ચોટાં=પ્રખ્યાત;નામીચા
ખુબીથી=સફાઇથી.
વેલ=વેલા.
ખીંટી=ખુંટી.
તાકા=મોટા ગોખલા.
મોભ=છાપરાની વચમાંનું આડું લાકડું.

સાકટી=વળી.
પકવાસા=છાપરાનાસાકટા સાથે જડેલી પાટીયાની ચીપો.
કામડું=વાંસની બે ફાડમાંની એક ફાડ.

છત=છાજ.
નરદમ=તદન.
ઝરૂખો=ગોખ; રવેશ
બેશક=નક્કી.
સવડવાળું=સગવડ ભરેલું; વગવાળું.

પાઠ ૭૦ મો.

ઓળો=છાયો, પડછાયો
મદારી=ખેલ કરનાર.
છાયાયંત્ર=ઓળાપરથી વખત જાણવાનું યંત્ર
સાધન=સાહિત્ય
સ. ૧) અસલના વખતમાં ઘડિઆળ હતા ?
સ. ૨) અસલના લોકો વખત શાઉપરથી જાણતા?

પાઠ ૭૧ મો.

ઘડિઆળ=વખત જાણવાનું યંત્ર.
ચંદો=ઘડિઆળમાં આંકા માંડેલો ગોળ ભાગ
પગથીઉં=નાનીઓટલી
I=એક
II=બે.
III=ત્રણ.
IV=ચાર. (૫-૧)
V=પાંચ.
VI=છ (પાંચ + એક)
VII=સાત (પાંચ + બે)
VIII=આઠ (પાંચ + ત્રણ)
IX=નવ (દશ- એક)
X=દસ
XI=અગિઆર (દશ +એક)
XII=બાર (દશ + બે)

કુંડાળું=ગોળ ચક્કરડું
મિનિટ=અઢીપળ, સાઠ સેકંડ
કોરે=બાજુએ
અંતરે=છેટે; આઘે; દૂર
કમાન=પોલાદની પટીનું ગુંછળું
સામટા=બધા
મધરાત=વચલી રાત
ઝડપ=ઉતાવળ
કુંચી=ચાવી
ઉકલતી=ઉઘડતી

સ. ૧) ઘડિઆળમાં કેટલા કાંટા હોય છે?

સ. ૨) બંને કાંટા સરખા હોય છે?

સ. ૩) નાના તથા મોટા કાંટાથી શું જણાય છે?

સ. ૪) ઘડિઆળ જોતાં શીખવાને માટે પહેલાં શું ઓળખવું જોઇએ?

સ. ૫) ચંદાપર કેટલે સુધી આંકડા માંડેલાછે?

સ. ૬) નાનો કાંટો બરાબર આઠ પરહોય ત્યારે મોટો કાંટો કયા આંકડાપર હોય છે?

પાઠ ૭૨ મો.

પડીકું=બંડળ; નાનો પડો.
સમતોલ=સરખું વજન
તોળ્યું=જોખ્યું
દાંડી=ત્રાજવાં બાંધે છે તે લાકડી.
ચીચવો=એક ઉભા લાકડાપર બીજા આડા લાકડાનાં મધ્ય બિંદુમાં સાલ ઘાલી બે છેડે બેસવાની રમત.
મધ્ય=વચલા.
સેજસાજ=જરા.
ત્રાજવું=તોળવાનું સાધન.
પલ્લું=છાબડું.
છેતર્યો=ઠગ્યો.
પાધરો=સીધો.
તોલ=વજન.
સમાન=સરખી.
છેટે=આઘે.
યુક્તિ=તદબીર; હિકમત.
ખાધ=નુકસાન.

સ. ૧) આપણને માલ ઓછો ન મળે તે માટે ત્રાજવાની બાબતમાં શી તપાસ કરવી?

ભાગ ૩ જો.

સમાપ્ત.

કવિતાની સમજુતી પાઠ ૭ મો.

આપણી આજુબાજુએ ગગનમાં અને મનમાં પરમેશ્વરનું તેજ છે. ઘાસ અને ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે. (૧) ભોંયમાં પેસીને ભોંયરામાં કંઇ વાત કરીએ અથવા મનમાં નઠારા (કોઇનું ભુડું કરવાના) વિચાર કરીએ તે પરમેશ્વર જાણે છે. (૨) રજકણ મૂકવાને માટે પરમેશ્વર વગરની ખાલી જગ્યા શોધીએ પણ પરમેશ્વર વગરની કોઇ પણ જગ્યા ખાલી મળે નહિ. મતલબ કે બધેજ પરમેશ્વર છે. (૩)

પાઠ ૮ મો. પરમેશ્વરની પ્રાર્થના.

અરે ! દેવના પણ દેવ ! હે જગતના ધણી (પરમેશ્વર) હું તમને પગે લાગીને પ્રાર્થના કરૂં છું કે હે દયાળુ તમે મને દુઃખથી બચાવો. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આશરો છે. (૧) હે પરમેશ્વર તમે મારાં માબાપ છો, અને તમે હંમેશાં બધાનું પોષણ કરનારાછો; તમે મારાપર કરોડો ઉપકાર કર્યા છે હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આશરો છે. (૨) હું ગરીબમાં ગરીબ અને સમજણ વગરનો જીવ છું, મારી કંઇ પણ વાત તારાથી અજાણી નથી; (મતલબ કે બધી તું જાણેછેજ) મને ફક્ત એક તારોજ આશરો છે. (૩) અમે નાનાં છોકરાંઓ હાથ જોડીને (કરગરીને) કહીએ છીએ કે હે પ્રભુ અમારી બુદ્ધિ ઘણીજ ઓછી છે માટે મહેરબાની કરીને હમારી માગણી મનમાં લાવો. હે ગરીબોના બેલી (પરમેશ્વર મને ફક્ત એક તારોજ આ-

શરો છે. (૪) અમે ને અમારાં જે સગાં વહાલાં છે તે બધાં શરીરે સુખી (તંદુરસ્ત) અને જબરાં રહીએ; હંમેશાં તમે અમને સદબુદ્ધિ આપજો. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને એક ફકત તારોજ આશરો છે. (૫) મેં તમારી જરાપણ સ્તુતિ કરી નથી, તેમજ આપના ગુણ ગાવાની (ભજન કરવાની) શકિત મારામાં નથી, તોપણ દયા લાવીને (મહેરબાની કરીને) સેવકના દુઃખ મટાડો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફકત એક તારોજ આશરો છે. (૬)

પાઠ ૧૬ મો. સત્ય.

અરે મારે સત્યનું ધ્યાન ધરવું, અને નકકી સાચું બોલવું, કદાપિ ખોટું કામ કરવું નહિ, અને દુનીઆમાં આબરૂથી પંકાયેલા રહેવું. (૧) સત્યના બીજથી સત્યનું મોટું ઝાડ થશે; અને તેના લાભકારી સારાં ફળ મળશે સત્યરૂપી ઝાડની નીચે માણસો આશરો લેશે તેથી તેમનાં દુઃખો જતાં રહેશે; અને બધાં સુખ મળશે. (૨) દુનીઆનાં બધાં કામ સત્યમાં (સત્યને આધારે) રહેલાં છે, માટે અસત્ય કામ કરવાથી માણસ દુઃખમાં આવી પડશે. જેમ સત્ય રૂપી સુરજનું તેજ ઘણું પ્રકાશશે, તેમ કપટ અને નઠારી બુદ્ધિ (સત્યની) બીકથી નાશ પામશે. (જતી રહેશે) (૩) કદાચ કોઈ કારણથી સત્ય ઢંકાઇ જશે, (જાહેરમાં આવશે નહિ) તોપણ આખરે સત્યનોજ પ્રકાશ થશે. મતલબ કે સત્ય ઉઘાડું પડશે. જેમ સુરજ કદી વાદળાંથી ઢંકાઇ જાય છે, તોપણ તે પાછો ફરીથી ખુલ્લો થઇ પ્રકાશે છે તેમ. (૪) સાચને નુકસાન નથી, (સાચું બોલવાથી નુકસાન થતું નથી) તેમ તેનો કદાપિ નાશ પણ થતો નથી; માટે હંમેશાં સાચું બોલીનેજ દુનીઆમાં જીત મેળવવી સત્ય ઘણાં દુઃખ નકકી ટાળે છે,

સત્યના જેવું જોર બીજું નક્કી નથી. (૫) સત્યમાં હંમેશ ખરૂં સુખ રહેલું છે, એટલુંજ નહિ પણ સત્યથી પરમેશ્વર ઘણા ખૂશ થશે. વળી સત્ય વગર બીજો કોઇ ધર્મ નથી, માટે સત્યથી સ્વર્ગ જીતો અને હંમેશાં ખૂશ રહો. (૬)

પાઠ ૨૪ મો પશુઓનાં ટોળાંમાં તકરાર.

ચોપગાં જાનવરોમાં એક વાંધો પડયો; તેથી તેઓએ પોતે સામસામા સવાલ જવાબ કરવા માટે કચેરી ભરી (ભેગાં થયાં) અને ત્યાં બધાં નર અને માદા બેઠાં. એટલે **ગાય બોલી**–હું ગાય ગરીબડી પડી એટલે મારા ગુણોની (ઉપયોગીપણાની) કદર કોણ કરશે? મતલબ કે કોઇ નહિ. મારાં વાછરડાં બિચારાં દૂધ વગર ટળવળે છે અને દૂધ તો બીજાં ખાય છે; તોપણ મારા પર થતા જુલમનો કયાં પાર છે? (**ચોપગાં**) (૧) **કુતરો** કહે હું વિશ્વાસુ પ્રાણી છું, ધણીનું અન્ન ખાઇને મનમાં ટેક રાખીને તેના ખાધેલા લૂણનો બદલો વાળી આપું છું, અને વળી રાત દહાડો સેવા પણ કરૂં છું. (**ચોપગાં**) (૨) **ગધેડો** કહેછે કે બેવકુફ (અક્કલ વગરના) માણસ અને હસે છે, પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે? ભારે વજન લાધે, (પીઠ પર ભરે) તોપણ વગર તકરારે હું ચાલું છું; પણ કહો કે માણસો મારો ગુણ કયાં જાણે છે? (**ચોપગાં** (૩) **ઘોડો** કહે હું શરીરે દુઃખ વેઠીને ચાકરી કરૂં છું, અને કદાપિ હાર (ખાવા નું) પણ ન ખાઉં, ધણીને પીઠપર બેસાડીને રસ્તો કાપું (મુસાફરી) છું તોપણ કહો કે કોણ મારી કાળજી રાખે છે? (**ચોપગાં**) (૪) **ઊંટ** કહે છે, મુસાફરીમાં રસ્તો કાપવાને હું ઘણી લાંબી મુસાફરી કરૂં છું. તોપણ કોઇ ઘાતકી મુસાફર પાણીને માટે અને મારી

નાખે છે. (રણમાં પાણી નહિ મળવાથી મુસાફર પોતાનો જીવ બચવવાને ઊંટને મારે છે કેમકે તેની પીઠપરના ઢેકામાં પાણી ભરાઇ રહેલું હોય છે.) છતાં પણ મરતાં મરતાં હું પરોપકાર કરૂં છું. (ચોપગાં) (૫) **હાથી** કહે રાજાની અંબાડીનો આધાર મારાપર છે. (મતલબ કે મારા વડે અંબાડી શોભે છે) મારાં પગલાંથી સ્વારી સારી દેખાય છે, અને વળી દરબાર પણ શોભેછે. તેથી હું પશુઓમાં મોટો સરદાર છું (મતલબ કે પશુઓમાં હુંજ મોટો છું) (**ચોપગાં**) (૬) **બકરો** કહે હું જરા પણ દુઃખ આપતો નથી, તોપણ માણસ મારૂં માંસ ખાવાને માટે તલપી રહે છે, તેથી હું ચંડાળના હાથે કપાઇ મરૂં છું. કહો મને બીન ગુનેગારને ઇન્સાફ ક્યાં મળે છે ? (મતલબ કે મળતો નથી.) (**ચોપગાં**) (૭) **બળદ** કહે મારા જોરથી ખેડુત હળ (જમીન) ખેડે છે. મારાપર બધી દુનીઆનો આધાર છે; હુંજ સ્વારી કે વેપારનો રોજનો ભાર ઉપાડું છું તોપણ મને જરા પણ આરામ મળતો નથી (**ચોપગાં**) (૮).

(દોહરો.)

ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડા, ને ગાય એ બિચારાં પ્રાણી બીજાના ભરોસા પર અફળાય છે. વિશ્વમાં નઠારાં કામને માટે જો સરકાર સજા કરે છે; તો પછી પશુ પક્ષીને દુઃખ દેતાં પરમેશ્વર ગુસ્સે થાય નહિ ? મતલબ કે થાયજ.

પાઠ ૨૭ મો કવિતા.

જુઓ કે જંતુની જાતમાં કીડી પણ અનાજ એકઠું કરે છે. અને બધી સાથે મળીને હંમેશાં સંપથી (હળીમળીને) દરમાં રહે છે.

પાઠ ૩૧ મો. પક્ષીઓની ખુશાલી.

ઝાડને છોડવાની ડાળીઓ હાલે છે, અને પવન પાંદડાં હલાવે છે. શોભાયમાન પક્ષીઓ મધુર ગાયન ગાતાં ઉડે છે. (મતલબ કે કલોલ કરે છે.) પક્ષીઓ મધુર ગાયન ગાતાં પરમેશ્વરનું ધ્યાન ધરતાં, જંગલમાં ચેનબાજી કરતાં અને હંમેશાં ખુશીમાં ફરતાં ટોળામાં હળી મળીને રહેતાં (એક બીજાને) મનની વાતો કહે છે. સુખીઆ પક્ષી હંમેશાં ઝાડ છોડવાની ડાળીપર ડોલે છે. (૧) કોઇ જંગલનાં ફળ ખાય છે. કોઇ દાણા ખાતાં જાય, કોઇ ફૂલોમાંનો રસ ચૂસે છે અને કોઇ લીલોતરી ખાય છે. કોઈ લીલોતરી ખાય અને પાણી ઓવારે દોડી જાય, બધાં પક્ષીઓ સાથે નહાય અને પાછી પોતાને રસ્તે પાછા ફરે. સાંજે માળામાં બચ્ચાંને સુખે બેઠેલા જોઇ સૂએછે. પો ફાટતાં ઊઠીને દોડે છે અને કોઈ જંગલમાં ફળ ખાય છે. (૨) સારી રીતે ઝૂલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે, તે બધાં પંખીઓ હેતથી ખાય છે. વળી પરમેશ્વરે ખેતરમાં પુરેપુરો પાક આપ્યો છે, તે મોટો માલ મંડયા રહીને ખાય તોપણ ખૂટે નહિ એટલો છે. તે ખાઇને હંમેશાં સંતોષ રાખીને દરરોજ ચોખ્ખું પાણી પીએછે, અને પોતાને ઠેકાણે આવીને નિરાંતે બેસે છે. ફળો સારી રીતે હાલે છે. (૩)

ઉદ્યમવિષે

મહેનતથી માણસ એકલો હોય તોપણ હજારો માણસોને પાછળ પાડે છે, મતલબ કે પોતે આગળ પડે છે. મહેનતથી મરજી મુજબ પૈસો અને અનાજ મેળવી શકાય છે; મહેનતથી રાજાની પદવી લેવી હોય તો તે કાંઇ આઘે નથી મતલબ કે તે પણ મેળવાય છે.

મહેનતથી દેવ અને રાક્ષસ તાબે કરી શકાય છે. મહેનતથી આપદાઓ તુરત જતી રહે છે, મહેનતુ માણુસો ધૂળમાંથી પણ સોનું શોધી કાઢે છે; અરે બાળકો તમે મહેનતને ઇચ્છેલું ફળ આપનાર આય બરાબર જાણો. મહેનતથી ધાર્યાં મુજબ ઘણો લાભ મેળવાય છે, માટે સૌએ આળસ છોડી મહેનત કરવી.

પાઠ ૩૬ મો. ગ્રીષ્મ ઋતુનો તમાસો.

પરમેશ્વરની મોટાઇ અમે ગ્રીષ્મઋતુમાં જોઈ લીધી. ઝાડની ઠંડી છાયામાં ફૂલ, ફળને ખુશીથી હાલતાં જોયાં. (૧) કોયલ મીઠા સ્વરથી બોલતી હતી, તેથી આ આંબાનું ઝાડ સારૂં દેખાય છે. જેમ જમીન (સુરજની ગરમીથી) ગરમ થતી જાયછે તેમ મોગરો (પોતાની) સારી વાસ ફેલાવે છે. (૨) આંબો—જંગલમાં અને ઝાડોમાં રમતી અને ખૂશ થતી વસંત (ઋતુ) મને(આંબાને) મોર આપીને રખડતી રખડતી ગઇ પછી ગરમીની ઋતુ થઈ એટલે આંબાપર બહુ સારી કેરી આવી, તેને સારી લીલીછમ જોઇને માણુસો (તે લેવાને) લોભાય છે. (૧) એ ઋતુમાં ઘણો તાપ પડે છે તેથી કેરીઓ ઝાડપર પાકીને ખરી પડે તે પછી રસદાર થઇને સારો કેસરીઆ રંગ ધરે છે. તે (કેરી) રસથી દુનીઆના લોકોનું મન પોતાની તરફ ખેંચતી તેથી કેરીની મજા મનમાં રહેતી. (૨) કોયલ—જુઓ આ ગરમીની ઋતુમાં ધામ ઘણો થાય છે. તેથી પક્ષી ઊડીને જંગલે જંગલ ફરે છે. હું (કોયલ) ટહુકાથી માણુસનું મન મારા તરફ ખેંચું છું. મારૂં રહેઠાણ આંબાના ઝાડ પર છે. (૧) હું મારા કાળા રંગના શરીરથી ઓળખું છું, અને મારા મધુરા સાદ વડે વખાણાઉં છું

(હું માણસોને) ગાયનના સૂર સમજાવું છું, અને મનને મોહ પમાડે એવો બાગ ઘણો ગજાવી મૂકું છું (૨) **મોગરો**–જુઓ આ બાગ સફેદ મોગરાના ફૂલથી રૂપેરી હોય એવો શોભે છે. વેલાઓમાં ખીલેલી કળીઓ છે તેથી શરીરમાં સારી વાસ ભરાય છે. હું ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો બન્યો છું. બધા લોકોએ મને ગ્રીષ્મનો ખીલેલો બાળક ગણ્યો છે.

ઇંદ્રવજા.

આંબો, કોયલ અને મોગરો એક હારમાં સાથે ગાય છે.

આંબો કહે કેરી રસદાર હોય તેજ સારી.
કોયલ કહે હું ઝીણા સ્વરને લીધે ઘણી વખણાઉં છું.
મોગરો કહે બટ મોગરાની મીઠી સુગંધ છે.
બધા કહે છે અમે સારી અને શોભીતી ગ્રીષ્મ ઋતુ જાણી.

પાઠ ૪૦ મો.

સ્વચ્છ પાણીથી ભરેલી સારી નદી જુઓ, તેને કાંઠે નાનાં મોટાં ઝાડો ઉગેલાં છે. એમાં જુદાં જુદાં રંગનાં માછલાં મજા કરતાં, અને કિનારાપર લીલુંછમ જેવું ઘાસ પશુઓ ચરતા જણાય છે. બધા શહેરનો દેખાવ નક્કી નદીથીજ સમજવો. નદીથી નહાવાનું, ધોવાનું, પાણી પીવાનું મોટું સુખ સમજવું.

પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર.

પદાર્થ પાઠો પ્રાણીઓ ચિત્ર વાર્તા પુસ્તકો સામાન્ય વનસ્પતિ વર્ણન બ્રાહ્મણી પંડિતો

કૂકકડ	અજુકતું	વિદ્યાભ્યાસ	ત્રગડા	મૂર્ખ
કળિયુગ	ઉતર્યો	બુદ્ધિ	હિંડાડે	ખર્ચુંપાન
શ્રાવક	પસ્તાયા	અક્કલ	સ્ત્રીપુરૂષ	ભક્તિ
જન્મ	ચૌદશ	સ્વભાવ	નીવડયો	અભ્યાસ
શિક્ષક	વર્ગ	સાંઠ	ફેંટા	શુદ્ધિ
આશ્ચર્ય	અંતઃકરણ	કુટુંબ	પ્રીતિ	લગ્ન
દાડયો	આશીશ	ખંચેલો	ટંગાવી	કૃપા
કિંમતી	સત્તર	ખરીદ્યા	હોશિયાર	વર્તીશું
અર્ધો	વહેંચણ	સુશોભિત	અટકાવ્યો	વિશ્વપતિ
જગકર્તા	સ્વામી	સ્તુતિ	પ્રાર્થના	શક્તિ
વિચાર્યું	દુઃખ	ગર્વ	શિખામણ	સિદ્ધપુર.
હંમેશાં	પ્રમાણિક	પોલિસ	વૃદ્ધ	આગ્રહ
જાત્રા	ઉંમર	વિધવા	ધન્ય	જાપ્તો
દ્રવ્ય	ભેળ્યું	તાક્યું	વિકટ	યુધિષ્ઠિર
અર્જુન	વર્તણુક	દુર્યોધન	રમાડયા	દ્રૌપદી
ઈશ્વરભક્તિ	નક્કી	ચિત્રગુપ્ત	ગંધર્વ	કૌરવ
લુચ્ચા	ક્ષમા	ન્યાય	સાક્ષી	નિસાસો
ગૃહસ્થ	મ્યાન	વિહંગપુર	શિઆળ	મહોલ્લા
મશ્કરી	પિત્તળ	સ્વાદે	નિશ્ચય	અસત્ય
વૃક્ષ	આશ્રય	દુષ્ટ	અન્ય	સ્વર્ગ
પ્રમાણે	વર્તમાન	પત્ર	લક્ષ્મી	ચિત્ર
વંચાવ્યો	પત્થર	લેવરાવ્યાં	વિદ્યાર્થી	સ્વરૂપવાન
ચોંટાડયા	ઇંદ્રિય	છિદ્રો	ખુલ્લાં	નાહ્યા

વિદ્વાન	નિર્ણય	દિલ્હી	પ્રખ્યાત	પરાક્રમ
વિદ્યા	મચ્છર	યુકિત	શબ્દો	નમ્ર
વિષ્ણુ	પ્રસાદ	પુસ્તકાલય	વૃત્તાંત	વોશિંગ્ટન
ડાહ્યા	અલ્લા	વિનંતી	સ્થિતિ	ઈર્ષાખોર
નિકાલ	તુર્ત	પ્રાણી	પ્યારૂં	શ્રેષ્ઠ
નિર્દોષી	લલ્લુ	ફોડાવ્યા	ધડકો	મારયોજ
દોષ	સદ્ગુણી	કન્યાઓ	ગૂંથે	પ્રદર્શન
તલ્લીન	વિષય	વર્તે	નોતમ	સ્ત્રી
ચૈત્ર	અત્યારે	તરસ્યા	વિસામો	ધર્માદા
આશીર્વાદ	ચોકખું	વળગ્યો	તક પ્રસાદ	શેખસલ્લી
બચ્ચાં	પુત્ર	ઉડાડવા	ગોથું	ગુસ્સો
પ્રયાસ	ફાટયો	સમજાવ્યું	પ્રીત	મુશ્કેલ
નિર્મળ	ધાન્ય	ધાર્યું	વિપત્તિઓ	ચિંતવ્યા
વંશપરંપરા	ઈચ્છતા	મિત્ર	હુક્કો	ગંદું
નિરોગી	ખુણેખોચરે	શ્વાસ	ખુલ્લા	બિનાશ
દુર્ગંધ	અયોધ્યા	કૌશલ્યા	કૈકેયી	સુમિત્રા
લક્ષ્મણ	શત્રુઘ્ન	રામચંદ્ર	ઉથાપશે	સંદેહ
ધિક્કાર	ગુલાંટ	ચક્કર	ઝમકારા	સ્થિર
ફેંકયુ	ચમત્કાર	મુકુંદ	ગ્રીષ્મ	ઋતુ
કોકિલા	ટહુકા	ચિત્ત	આમ્ર	શ્યામ
અન્યો	પ્રફુલ્લ	કુશળ	પ્રલ્હાદ	પુરૂષો
પશ્ચિમ	શિખર	દહેરૂં	કરણો	વાંકોચુંકો

આકૃતિ	ગોઠવ્યા	પર્વત	શેત્રુંજે	પાવાગઢ
વચ્ચે	જોયું	લસુંદ્રા	પૃથ્વી	ઠંડું
પ્રવાહ	નિચાણ	સમુદ્ર	બન્યું	વિચિત્ર
ગમ્મત	પિછાણીએ	તુરૂં	ભૂશિર	ટંડેલ
નિશાન	તૂટી	દ્વીપકલ્પ	ક્રિયા	સામુદ્રધુની
સજજડ	ચોંટી	ઝાંપે	ફાળકા	તાંતણા
હેડ	ખોળીઆં	છુટ્ટી	ગિલ્લીદંડા	ઓફિસ
છંટાતું	મીણબત્તી	ઓવરસીઅર	દુરસ્ત	ત્રિજરર
કોથળી	સરાફ	દાકતર	પ્રાંત	ચોર્યાસી
વિભાગ	મુખ્ય	કમિશ્નર	અધિકારી	વત્તો
ઈન્સ્પેકટર	ડેપ્યુટી	મેનેજર	બોર્ડ	સંમતિ
મુન્સફ	પરીક્ષા	બંદુકો	શીખ્યો	ડહોળું
ચિકાર	હિમ	કિરણો	વસ્તુ	ફુંકણી
ગતિ	ફૂંક	લાલચોળ	ગોવિંદ	મિઠાઈ
કંટાળતો	આરોગ્ય	અંગ્રેજ	ઘુંટણ	જુઆળે
બાઝી	પ્યાલું	હુલાવ્યું	ચિનાઈ	સળગાવ્યો
રેડયો	પીગળ્યો	લિલાશ	વિસ્મય	પામ્યા
ધર્યું	ગમ્યું	આવ્યાં	વાંકીચુંકી	વસ્તુ
ગુરૂજી	ઝુંમર	બાટ્ટી	ટીપ્યું	વળ્યો
તપાવ્યું	કોદાળી	દિવાલ	ખીંટાઓ	ઘડિઆળ
ચપ્પુ	રકૂ	નક્કર	પિળાશ	ઝરપે
નિતારી	ગળણી	પોંક	કુંડી	હિંદુસ્તાન
ઉત્તર	હાંસોટી	હુમસો	પુષ્ટિ	દળ્યાથી
બાજરી	ગુંદી	ભુસું	ફોલ્લા	ખટાશ

ગંજીફા	શોષાય	નરસિંહ	ચિરાયલું	અગથીઓ
કૃષ્ણલાલ	સૂઠ	વૈતરી	અવસ્થા	ઈંડા
ઈયળ	નિરાંત	માત્ર	પોષણ	પક્ષી
થાક્યો	ઢોળાવ	પ્રાણી	ગુચ્છાં	કુંપળો
રૂંવાટી	રાક્ષી	બિલાડી	ઠેકડા	ગતિ
દુશ્મનો	ઝુમખા	રતુમડો	કલ્લા	તૃલ
હરાવ્યાં	ઝબકી	ધર્મશાળા	યુક્તિ	શ્રાધર
વિકરાળ	વરૂ	કીકિયારી	પક્ષુ	લોંકડી
રાત્રે	લુચ્ચું	ઘુરકવા	ગુસ્સા	કોઠી
ઉંદરો	ઘંટડી	ચીરૂં	સિંહ	ચોંટયું
ચાળ	ઠેલણ	ગર્જના	ધ્રૂજતા	કાઠિઆવાડ
પતંગીઆ	હાડપિંજર	ટાંગ્યું	બિઆમણું	પાંસળીઓ
કદરૂપું	કૌવત	અગત્ય	કુકડો	કાંડું
પદાર્થ	હૃદય	ગોટલો	રૂઝાતો	નિશાની
લઠુ	ગલેફુ	શોભતું	તળીઉ	સુંવાળું
પહેર્યાં	કુમળું	કુક્કર	ઢોરઢાંકર	ઓઢો
બિસ્કુટ	ગલપટા	ઝભ્ભા	આંગણું	થાંભલા
કુંભીઓ	વૈદ	છીંડી	રંગબેરંગી	જડયા
સરડાવ્યું	ઝરૂખા	મિનિટ	સૂર્ય	ડુગડુગી
રીંછ	લિપિ	અઠ્ઠાવીશ	કુંચી	ટકોરા
અંગ્રેજી	ત્રાજવું	તોળવા	પલ્લા	મધ્ય

ભૂગોળના સવાલ

પાઠ ૩૮ મો. સ. ૧) પ્રલ્હાદ શું ધંધો કરતો હતો ? વલસાડથી પારડી કઇ દિશામાં છે? વલસાડથી પારડી જતાં રસ્તે કઇ નદી આવે ? પારનેરાના ડુંગરના શિખરપર ચઢીને તેમણે શું જોયું? પછી પારડી આવીને તેઓએ શું કીધું?

પાઠ ૩૯ મો. સવાલ) ગુજરાતમાં મોટો પર્વત કયોછે? આબુથી બીજા નાના પહાડ કયા કયા છે? ટેકરો, ડુંગરી, ડુંગર, પર્વત, તળેટી, અને ખીણ એટલે શું તે સમજાવો. નવી જમીન શી રીતે બનેછે? કયા પર્વતપર બંગલા, કિલ્લા, દહેરાં વગેરે બાંધી શકાય ?: મેદાન એટલે શું તે સમજાવો. લસુંદ્રા, દેવકીઉનાઇ, તુળશીસ્યામ એનાં કુંડમાં ઉનાં પાણી શાથી હશે? પર્વતો ને મેદાનો કેમ થયાં તે સમજાવો. મેદાન અને ડુંગરનો ઉપયોગ કહો.

પાઠ ૪૦ મો. સવાલ) વરસાદના પાણીનાં ટીપાં શું શું કામ કરે છે? નદીનો ઉપયોગ કહો. નદીના મુખ આગળની અને મૂળ આગળની જગામાં શો ફેર હોય છે? સરોવર શી રીતે બનતાં હશે? સરોવરના પાણી કેવાં હોય છે? કયા સરોવરનું પાણી ખારૂં હોયછે? ગુજરાતમાં મીઠા પાણીનું સરોવર કયું છે? અને ખારા પાણીનું કયું છે? તળાવનું પાણી કેવું હોય છે?

પાઠ ૪૧ મો. સવાલ) સમુદ્રનું પાણી ખારૂં શા માટે હોય છે? સમુદ્ર કેટલો ઉંડો હોય છે? નદીનું પાણી શા માટે મીઠું હોય છે? સમુદ્રમાં મોજાં શાથી થાય છે? સમુદ્રનું પાણી રાતું, ભુરૂં ને પીળું દેખાવાનું કારણ શું ? દરીઆમાં રેતી ક્યાંથી આવતી હશે ? દરીઆમાં શું શું પાકે છે ?

પાઠ ૪૨ મો. સવાલ) હજીરો ક્યાં છે ને તે શાને માટે પ્રખ્યાત છે ? દરીઆ વિષે થોડીક વાત કહો. ભૂશિર, અખાત અને ઉપસાગર એટલે શું તે સમજાવો. બેટ શી રીતે બનતા હશે? દ્વીપકલ્પ એટલે શું ? કઇ ક્રિયા સમુદ્ર કિનારે હંમેશાં થયા કરે છે ? સામુદ્રધુની અને ખાડી એટલે શું તે સમજાવો.

પાઠ ૪૩ મો. સવાલ) ગાડાં ને હળમાં શેનું લાકડું વાપરેછે અને તે લાકડું વાપરવાનું કારણ શું? લુહારને ત્યાં શું જોયું ? કુંભારને ત્યાં તેઓએ શું જોયું ? ઢેડવાડામાં ઢેડા શું કરતા હતા? શણનું શું બને છે? ગામડામાં વસવાયાં લોકો કયા કયા ધંધા કરે છે ?

પાઠ ૪૪ મો. સવાલ) ગામ અને શહેરનો તફાવત સમજાવો. અમદાવાદ ક્યાં છે? શું છે? ને શાને માટે પ્રખ્યાત છે ?

પાઠ ૪૫ મો. સવાલ) કુબેરદાસ ક્યાં જતા હતા ? તેમની સાથે કોણ ગયું? મુખીએ કોને સલામ કરી? મામલતદારે શી શી વાત પૂછી? કુબેરદાસે શું જવાબ આપ્યો? ફોજદાર ઓવરસીઅર અને ત્રિજોરરના કામ કહો. વેચાણ, ગીરોખત કયું ખાતું નોંધ છે? કુબેરદાસ દવાખાનમાં શું કરવા ગયા હતા? અને ત્યાં કોની સાથે વાતચીત થઇ?

પાઠ ૪૬ મો. સવાલ) તાલુકો, જિલ્લો અને પ્રાંતની વ્યાખ્યા બોલો. એ દરેકના ઉપરીને શું કહેછે? જમીનની વસુલાત માફ કરાવવી અથવા મુલતવી રખાવવી એ કોણ કરી શકે? પ્રાંતના મુખ્ય ખાતાનાં નામદો. અને તે ખાતાઓના મુખ્ય અમલદારને શું કહે છે? તાલુકાના લેણદેણ સંબંધી દાવા કોણ ચુકવે છે? તાલુકામાં પોલિસ ખાતાનો મુખ્ય અમલદાર કોણ? જિલ્લાના દવાખાનાના ઉપરી દાક્તરને શું કહેછે ?

પાઠ ૪૭ મો. સવાલ) કલેકટરને મુખીએ શી બાબતની અરજી આપી? પોલિસના ઉપરી સાહેબને શું કહેછે? જિલ્લા જડજને શું કામ હોયછે?

કડાંની ડ્રીલ. કડાં લોઢાના રૂળીઆનાં બનાવેલાં હોય છે અને તેનો વ્યાસ એક બિલ્લસ જેટલો હોય છે તેની જાડાઇનો પરીઘ બે ઇંચનો હોયછે. અને તે રાતા, પીળા, વાદળી વગેરે તરેહ તરેહના પાકા રંગથી રંગેલા હોયછે. તેથી તે શોભાયમાન દેખાય છે.

સૂચના—કડાંની દરેક રમત અગિઆર સુધી કરાવી બારે હાથ કડાં સાથે લટકતા રખાવવા. ૨) છેલ્લી રમતે બારે કડાં જમીનપર મૂકાવી દેવડાવવાં. મૂકતા અવાજ ન થાય તે બાબત સૂચના આપવી. ૩) કડાં મુઠ્ઠીમાં જોરથી દાબીને પકડવા. અંગુઠો ટેકણુમાં કડાં ઉપર રાખવો જેથી કડાં હાલશે નહિ અને પકડવા સુગમ પડશે.

રમત ૧ લી—તૈયાર –કડાં લેવા તત્પર થવું. ચાલો–બે કડાં બે હાથમાં લઇ હાથ પગની સાથે અડાડેલા રાખવા.

૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચા. **રમત ૨ જી**— ૧) બેઉ હાથ સામા લાંબા ખભાની સીધી લીટીમાં. (મુઠ્ઠીઓ સામસામી) ૨) બેઉ હાથ પીઠ ગમ પાછળ ખેંચી કડાં છાતી આગળ રાખવા. **રમત ૩ જી**–બેઉ કડાં એકઠાં કરી વચ્ચેથી બેઉ હાથે સામસામા પકડવા. ૧) ઘુંટણુમાંથી પગ વાળી પગના આંગળાપર વજન રાખી બેસવું એડી ઉંચી રાખવી. (હાથ બે પગ વચ્ચે સીધા રાખવા)

૨) ઉભા થવું ને કડાં માથા ઉપર ધરી રાખવા. (ઉભા થતી વખતે એડી જમીનપર ઠોકવી જોઇએ)**રમત ૪ થી**—કડાં છુટા કરી એકેક હાથમાં પકડવા. ૧) જમણો હાથ જમણી તરફ ખભાની સીધી લીટીમાં લંબાવવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો,) ૨) એકથી ઉલટું. **રમત ૫ મી**–૧) જમણો હાથ સામો લાંબો કરવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) (૨) એકથી ઉલટું. રમત

૬ ઠ્ઠી-૧) જમણો હાથ ઉંચો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો) ૨) ડાબો હાથ ઉંચો (જમણો હાથ નીચે લટકતો રાખવો) **રમત ૭ મી** ૧) બેઉ હાથ ઉંચા (મુઠ્ઠીઓ સામી) ૨) બેઉ કડાં પગનાં આંગળાં આગળ (પગ ઘુંટણમાંથી સીધા રાખવા) **રમત ૮ મી**- બેઉ હાથ ઉંચા (મુઠ્ઠીઓ સામસામે) ૧) જમણો હાથ મોં સામેથી ઉપલી તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (ડાબો હાથ લટકતોજ રાખવો.)૨) એકથી ઉલટું. **રમત ૯ મી**-૧) બેઉ હાથ સામા લાંબા (મુઠ્ઠીઓ સામસામે) ૨) બેઉ હાથ પાછળ લાંબા. **રમત ૧૦ મી**-૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથના અંગુઠા ખભાને અડકાડવા.

આંકનો ઉપયોગ

૧) સવાકાની ૧ કેરી તો ૧॥ રૂપીઆની કેટલી ?

૨) ૧ આનાની ૫ કેરી તો ૧૦૦ કેરીનું શું ?

૩) ૫ ચોપડીના ૧૦ રૂપીઆ તો ૧ ચોપડીનું શું ?

૪) ૧ ગાયના ૧૨ રૂપીઆ તો ૯ ગાયનું શું ?

૫) ૧૫ ટિકીટના ૩॥ રૂપીઆ બેસ તો ૧ ટિકીટનું શું ?

૬) ૧૨ આનાની ૧ ટોપી તો ૨૦ ટોપીનું શું ?

૭) ૧ સવાકાની ૧૨ પેન તો ૪ પાઇની કેટલી ?

૮) ૧ આનાની ૬ લખોટી તો ૨ પાઇની કેટલી ?

૯) ૧ આનાના ૪ શેર ભીંડા તો એક શેરનું શું ?

૧૦) ૩ સવાકાનું એક નાળિએર તો ૩ આનાનાં કેટલાં ?

૧૧) ૩ આનાની ૧૮ સોપારી તો ૧ સોપારીનું શું ?

૧૨) ૧ ટિકીટના ૨॥ રૂપીઆ તો ૪ ટિકીટના કેટલા ?

૧૩) ૧ પૈસાનું ૧૫ શેર તો ૧ મણ ૫ શેરનું શું ?

૧૪) ૨૮ રૂપીઆની ૮ ખુરસી તો ૭ ખુરશીનું શું

૧૫) ૧ રૂપીઆનું ૧૬ શેર તો રૂા. ૦||= કેટલું ?
૧૬) ૩ આનાનુ ૩|| શેર તો ૩ રૂપીઆનું કેટલું ?
૧૭) ૨|| રૂપીઆનું એક મણ તો ૧| શેરનું શું ?
૧૮) ૧૭|| શેરના ૫ રૂપીઆ તો ૧ રૂપીઆનું કેટલું ?
૧૯) ૮|| શેરના ૫ રૂપીઆ તો ૧ રૂપીઆનું કેટલું ?
૨૦) ૩૫ શેરના ૮|| રૂપીઆ તો ૧|| મણનું શું ?

જાહેર ખબર.

સાતમીના અર્થ કિંમત: ૮ આના-(જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે અને રૂઢ બંને રીતે. શાસ્ત્રી પદ્ધતિથી સંપૂર્ણ વ્યુત્પત્તિ, કવિતાનું વિવરણ-સ્ફુટીકરણ, બ્રિટીશ અને હિંદની સંપૂર્ણ રાજરીતિ. સમાસ પ્રકરણ, બારએલ્સની ડ્રિલ વગેરેનો વિસ્તારથી સમાવેશ કરેલો છે)

છઠ્ઠીના અર્થ કિંમત ૭ આના—(જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ, પ્રમાણે અને રૂઢ બંને રીતે, કવિતાનો અન્વય, સમજુતી વ્યુત્પતિ પાઠના સવાલ, પાઠનો સાર વગેરે.)

પાંચમીના અર્થ કિંમત ૬ આના—(જેની અંદર અર્થ, કવિતાની સમજુતી, વ્યુત્પતિ, પાઠના સવાલ, પાઠનો સાર, અપૂર્ણાંકના નિયમો, લેખાની કુંચીઓ, બ્રિટિશ હિંદના રાજકય ભાગ, અઘરા શબ્દો, જોડાક્ષરો વગેરે)

ચોથીના અર્થ કિંમત ૬ આના— (જેની અંદર અર્થ કવિતાની સમજુતી, તમામ પાઠના સવાલ, પાઠનો સાર, અઘરા શબ્દો, જોડાક્ષરો, ડ્રિલ મુંબઇ ઇલાકાની ભૂગળ વગેરે.)

બીજીના અર્થ કિંમત ૩ આના-(જેની અંદર અર્થ, કવિતાની સમજુતી, પાઠનો સાર, અઘરા શબ્દો, જોડાક્ષરો, બીજાં ધોરણમાં કિન્ડર ગાર્ટન પદ્ધતિ મુજબ શીખવવાની ભૂગોળ, ડમ-બેલ્સની ડ્રિલ વગેરે.)

પહેલીના અર્થ કિંમત બે આના—(જેની અંદર અર્થ, કવિતાની સમજુતી, અઘરા શબ્દો, જોડાક્ષરો, ડમ્બેલ્સની ડ્રિલ વગેરે)

બાળ વર્ગની નોટ કિંમત ૧॥ આનો-(ખાસ બાળવર્ગના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે) (જેની અંદર મૂળાક્ષર શિક્ષણ, ત્રણ રીતે મૂળાક્ષર લખવાનો ક્રમ, કાના માત્રા વગરના બે અને ત્રણ અક્ષરના શબ્દો, કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ બારાખડી શિક્ષણ, આંક, અર્થ, ગીત તથા કવિતાની સમજુતી, આંકનો ઉપયોગ, સરવાળાના કોઠા, બાદબાકીના કોઠા, ડ્રિલ ગીત સાથે તેમજ સાદી, દડાની રમત, એકથી પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવા વિષે પાઠ વગેરે બાબતોનો સમાવેશ કરેલો છે.)

અંક સુચક મૂળાક્ષર કિત્તા કિંમત ૦। આનો—(જેમાં અંક ઉપરથી મૂળાક્ષર શીખવવાની રીતે મૂળાક્ષર કાના માત્રા વગરના શબ્દોથી યાદ રહે તેવા શબ્દોથી સહિત)

આમાં બતાવેલી પદ્ધતિથી શિક્ષણ આપવાથી તેમજ શીખવાથી ઘણુંજ ટુંક મુદતમાં આંકડા તથા મૂળાક્ષર લખતાં વાંચતા આવડી જાય છે

કન્યા વાચનમાળા પુસ્તક ૧ લાના અર્થ	૦-૩-૦
કન્યા વાચનમાળા પુસ્તક ૨ જાના અર્થ	૦-૪-૦
કન્યા વાચનમાળા પુસ્તક ૩ જાના અર્થ	૦-૬-૦
'બાળ ગરબાવળીની' નોટ	૦-૨-૦

એકવખત મંગાવી ખાત્રી કરો. કમીશનમાં પુષ્કળ લાભ.

તમામ જાતનાં પુસ્તકો વી. પી થી તુરત મોકલવામાં આવેછે.

પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો.

મેસર્સ સી. ડી. શાહ એન્ડ કોના.
સોલ એજંટ
શા. મગનલાલ મોતીરામ.
શાહપોર
સુરત.